# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19 -03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day :THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું,આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં 20થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ શરૂ થશે**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર અને જામનગર જિલ્લાને 800 કરોડ રૂપિયાથી વધુના કામોની ભેટ આપી**
3. **બે કરોડ રૂપિયાથી વધુની કિંમતની બનાવટી ભારતીય ચલણી નોટો સાથે 7 આરોપી ઝડપાયા**
4. **સમગ્ર રાજ્યમાં આજે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસ્યો.**
5. **ચૈત્રી નવરાત્રિ અને ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો આજથી શ્રદ્ધાભેર પ્રારંભ**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SANGHVI GIFT CITY

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગિફ્ટ સિટી હવે સિંગાપોર જેવા વૈશ્વિક કેન્દ્રો સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ગિફ્ટ સિટી-ગાંધીનગર “IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬”ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે આ વાત કહી. શ્રી સંઘવીએ ગિફ્ટ સિટીને લાખો યુવાનોના સપના સાકાર કરવાનું કેન્દ્ર ગણાવતા કહ્યું, આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં 20થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ થશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહેશે.

# CM PORBANDAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વર્ચ્યુઅલ માધ્યમથી પોરબંદર જિલ્લાના 413 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.આ પ્રસંગે તેમણે જણાવ્યું,રાજ્ય સરકારે પોરબંદર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં 2100 કરોડના કામો કર્યા છે.તેમણે ઉમેર્યું,આગામી રામ નવમીથી શરૂ થતો માધવપુરનો મેળો એ માત્ર ઉત્સવ નથી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીજીના વિવાહ પ્રસંગ દ્વારા પશ્ચિમ ભારત અને ઉત્તર-પૂર્વના રાજ્યોને જોડતો 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો અતૂટ સેતુ છે.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

અગાઉ શ્રી પટેલે આજે જામનગર જિલ્લાના 412 કરોડ રૂપિયાથી વધુના 57 વિકાસ કામોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

# NAKLI NOTE

બે કરોડ 10 લાખ રૂપિયાથી વધુની કિંમતની બનાવટી ભારતીય ચલણી નોટો સાથે 7 આરોપીની અમદાવાદ ગુના શાખાએ ધરપકડ કરી છે.

બાતમીને આધારે ગુના શાખાની ટીમે અમદાવાદના અમરાઇવાડી વિસ્તારમાંથી એક મહિલા સહિત 6 લોકોને ઝડપી લીધા હતાં.તેમની પાસેથી 500 રૂપિયાના ચલણની 42 હજાર જેટલી બનાવટી નોટ મળી આવી હતી.વધુ પૂછપરછ બાદ સુરતમાંથી પણ એક આરોપીની 5 હજાર 600 જેટલી બનાવટી નોટ સાથે ધરપકડ કરવામાં આવી હતી.

# UNESCO DELEGATION

અમદાવાદના વૈશ્વિક ધરોહરના દરજ્જાને જાળવી રાખવા માટે યુનેસ્કો આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ પરિષદ-ઇકોમોસનું પ્રતિનિધિમંડળ ત્રણ દિવસની અમદાવાદની મુલાકાતે છે.

પ્રતિનિધિમંડળના સભ્યોએ દાણાપીઠ મલ્ટી લેવલ પાર્કિંગ અને ફાયર સ્ટેશન, કાલુપુર રેલવે સ્ટેશન, ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ અને ભદ્ર કિલ્લા સહિતના વારસા સ્થળો પર ચાલી રહેલા બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું. અને વારસા મૂલ્યને કોઈ અસર થઈ છે કે કેમ તે અંગે તપાસ કરી હતી. પ્રતિનિધિ મંડળ દ્વારા તપાસનો અહેવાલ બનાવી મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે ચર્ચા કરાશે.

# JAMNAGAR CHECKING

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને પગલે જામનગર જિલ્લાના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદ વિરોધી ટુકડી  અને દરિયાઈ સુરક્ષાના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સરમત, સિક્કા અને ડી.સી.સી. જેટી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું.આ પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની ટીમોએ દરિયાકાંઠાના તમામ લેન્ડિંગ પોઈન્ટ અને ફિશિંગ સેન્ટરોનું નિરીક્ષણ કર્યું હતું.શંકાસ્પદ બોટ અને વ્યક્તિઓની પૂછપરછ અને તપાસ કરવામાં આવી હતી.

# SHARE MARKET

પશ્ચિમ એશિયા તણાવની તીવ્ર અસર આજે ભારતીય શેરબજાર પર જોવા મળી.ભારતીય શેરબજારો આજે તીવ્ર ઘટાડા સાથે ખુલ્યા.સેન્સેક્સ 74 હજાર 750 પર અને નિફ્ટી 23 હજાર 197 પર ખુલ્યો. કારોબાર દરમિયાન વેચવાલી એટલી તીવ્ર હતી કે દિવસના અંતે સેન્સેક્સ 2 હજાર 497 પોઈન્ટ ઘટીને 74 હજાર 207 પર અને નિફ્ટીમાં પણ 3.26 ટકા ઘટીને 23 હજાર 2 પર બંધ થયો.

# KUTCH CENSUS

કેન્દ્ર સરકાર દ્વારા આ આ વર્ષે વસતિ ગણતરીની કવાયત હાથ ધરવામાં આવી રહી છે.ત્યારે કચ્છ જિલ્લામાં આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે 4 હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાશે.

નિયમોનુસાર,700 થી 800 લોકોની વસ્તી દીઠ એક ગણતરીદારની નિમણૂક કરાશે.આ તમામ કર્મચારીઓ ખાસ તૈયાર કરવામાં આવેલી મોબાઈલ એપ દ્વારા ઘરે-ઘરે જઈને રિયલ ટાઈમ ડેટા એકત્ર કરશે.આ ડેટા સીધો સેન્ટ્રલ સર્વર પર અપલોડ થશે.ઉલ્લેખનીય છે વર્ષ 2011માં કચ્છ જિલ્લામાં 20 લાખ 93 હજાર વસતિ નોંધાઈ હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NADIAD BUDGET

ખેડા જિલ્લાની નડીઆદ મહાનગરપાલિકાનું 932 કરોડ રૂપિયાથી વધુનું અંદાજપત્ર આજે મ્યુનિસિપલ કમિશનર જી.એચ.સોલંકીએ રજૂ કર્યું. જેમાં પીજ રોડથી કોર્પોરેશન સુધી ફલાય ઓવર બ્રીજના નિર્માણ માટે 198 કરોડની જોગવાઈ કરવામાં આવી.

ઉપરાંત સ્વચ્છતાના કામો,પાણી નિકાલ,પર્યાવરણ અને આરોગ્યને લગતા કામો અને અર્બન લાઈવલીહુડને પણ પ્રાધાન્ય અપાયું છે.અંદાજપત્રમાં આ વર્ષે કરમાં કોઈ વધારો સૂચવાયો ન હોવાનું ધારાસભ્ય પંકજ દેસાઈએ જણાવ્યું.

(બાઈટ – પંકજ દેસાઈ, ધારાસભ્ય)

# GUJARAT RAIN

માવઠાની આગાહી વચ્ચે આજે રાજ્યના અનેક જિલ્લામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસ્યો. કચ્છ જિલ્લાના નખત્રાણા, લખપત, અબડાસા ભુજ, માંડવી અને મુન્દ્રા સહિત અનેક વિસ્તારમાં વરસાદ પડ્યો. જૂનાગઢ, દ્વારકા, મોરબી, બોટાદ, જામનગર  જિલ્લાના વાતાવરણમાં આજે બપોર પછી અચાનક પલટો આવતા કમોસમી વરસાદ વરસ્યો. જ્યારે ભાવનગરમાં  ધૂળની ડમરી સાથે વંટોળ આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા.

સુરેન્દ્રનગર જિલ્લામાં પણ અનેક જગ્યાએ વહેલીસવારે ત્રાટકેલા મીની વાવાઝોડાને કારણે વૃક્ષો, હોર્ડિંગ્સ પડી ગયા હતાં. રાજકોટ શહેરમાં પણ બપોર બાદ એકાએક ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડતાં શહેરના રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં.

દરમિયાન, અરવલ્લી જિલ્લામાં ભારે પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જ્યારે બનાસકાંઠામાં કમોસમી વરસાદનું આગમન થયું હતું. જ્યારે  અમદાવાદ, મહેસાણા ગાંધીનગર પાટણમા ભારે પવનો ફૂંકાયા હતા.

# WEATHER FORECAST

**રાજ્યમાં બદલાઈ રહેલા વાતાવરણ વચ્ચે આજે પણ કેટલાક જિલ્લામાં માવઠાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, સાબરકાંઠા પાટણ, રાજકોટ જામનગર જુનાગઢ અમરેલી મોરબી ગીર સોમનાથ, અને કચ્છ જિલ્લામાં મધ્યમ વરસાદની સંભાવના છે. જ્યારે કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં 41 થી 61 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે આગામી 24 કલાકમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બે થઈ ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.**

(બાઇટ : પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક)

# CHAITRI NAVRATRI

ચૈત્રી નવરાત્રિનો આજથી શ્રદ્ધાભેર પ્રારંભ થયો છે.રાજ્યના શક્તિપીઠ અને યાત્રાધામમાં આજે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું.દરમિયાન જય અંબે'ના નાદ સાથે શક્તિપીઠ અંબાજી પણ ગુંજી ઉઠ્યું, મંદિરમાં આજે શાસ્ત્રોક્ત વિધિથી ઘટ સ્થાપન થયું.માઈ ભક્તોએ આદ્યશક્તિના દર્શન કરી ધન્યતા અનુભવી હતી સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી)

શક્તિપીઠ પાવાગઢમાં આજે મોટી સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતાં.શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે 788 જેટલા પોલીસ જવાન તૈનાત કરાયા છે.

# NARMADA PARIKRAMA

પવિત્ર ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો આજથી પ્રારંભ થયો છે.નર્મદે હરના જયઘોષ સાથે 14 કિલોમીટરની આ પરિક્રમામાં અનેક શ્રદ્ધાળુ જોડાયા છે.

બીજી તરફ રાજ્ય સરકારે 10 કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓને વિશેષ સુવિધાઓ પૂરી પાડી છે.શ્રદ્ધાળુઓની પરિક્રમાને સુગમ બનાવવા વીજળી, પાણી, ભોજન, આવાસ, ક્રાઉડ મૅનેજમેન્ટ સહિત અનેક સુવિધા ઊભી કરવામાં આવી છે.